શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જ્યોતિર્ગમય

(દ્વિમાસિક મુખપત્ર)

To, ______________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ. (૦૨૮૬-૨૨૪૮૦૯૧)
વર્ષ : ૪ - અંક : ૩૧ તા.: ઓગસ્ટ-સપ્ટેબર ૨૦૧૩

## ૧) ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી :-

ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં તા. ૧૫-૦૮-૨૦૧૩ ના રોજ, ડૉ. ગોઢાણિયા સંકુલના આદરણીય ટ્રસ્ટી શ્રીમતી શાંતાબહેન ભરતભાઇ ઓડેદરાની પ્રેરક ઉપસ્થિતિમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં K.G. થી P.G. સુધીના તમામ વિભાગના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાની અદ્દભૂત અભિનય કલાનાં સૌને દર્શન કરાવ્યાં હતા.

કાર્યક્રમની ઉજવણીમાં સૌ પ્રથમ શ્રીમતી શાંતાબહેન ઓડેદરાના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો અને ઉપસ્થિત સૌ એ રાષ્ટ્રધ્વજને સલામી આપી. પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં શ્રીમતી શાંતાબહેન ઓડેદરાએ જણાવ્યું કે, ''ભારતની નારીશકિત જયાં સુધી જાગૃત હશે ત્યાં સુધી દેશને કોઇ ખંડિત કરી શકશે નહી.આપણને આ આઝાદી સસ્તામાં નથી મળી, એના માટે અનેક સ્વાતંત્ર્યવીરોએ પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા છે.'' વિદ્યાર્થીનીઓને તેમણે જણાવ્યું કે, '' સૌને એકતા અને અખંડ ભારતનો સંદેશો આપો. દેશભકિત તમામ માનવીય ભાવનાઓ કરતા વધુ શ્રેષ્ઠ છે. ''



આ પછી રજુ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સીનિયર કે.જી.ના બાળકો નિકુંજ દતાણી અને તેના મિત્રોએ રાષ્ટ્રીય અસ્મિતાને જાગૃત કરતી વાતો પોતાની કાલેઘેલી ભાષામાં રજુ કરી અને પછી હાઈસ્કૂલ વિભાગ દ્વારા દેશભકિત નૃત્ય રજુ કરાયું. આ પછી તરત જ મહિલા કોલેજ વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા દેશભકિત ગીતો અને નૃત્યોનો સુંદર કાર્યક્રમ રજુ કરાયો. જેમાં બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) ની વિદ્યાર્થીનીઓએ પણ સુંદર નૃત્યો રજુ કર્યા. જેમાં કુ. દિક્ષા લાખાણીએ સ્કેટીંગ શૂઝ પહેરીને કરેલાં નૃત્યને જોઇને સૌ પ્રેક્ષકો અત્યંત ખુશ થઇ ગયા હતા. આ પછી શ્રી ચેતનભાઈ દવે દ્વારા તૈયાર કરાયેલ નાટક 'ઓગસ્ટની આઝાદી' રજુ કરાયું. આ પછી બી.એડ્., બી.એસ.ડબલ્યુ. અને એમ.એ. (અંગ્રેજી) ની વિદ્યાર્થીનીઓએ સુંદર ગીતો અને નૃત્ય રજુ કર્યા તથા છેલ્લે બી.બી.એ. માં અભ્યાસ કરતા '૪૦' જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ દેશભકિત રસથી સભર તથા ભારતની વૈવિધ્ય એકતાને પ્રતિબિંબિત કરતી નૃત્ય નાટિકા રજુ કરી પ્રેક્ષકોને ખુબ ખુશ કર્યા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા કોલેજની બી.કોમ. સેમે.-૫ની વિદ્યાર્થીનીઓ કુ. મિનલ રાઠોડ તથા કુ. પ્રાર્થના જાનીએ સુંદર રીતે કર્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન મહિલા કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. સંગીતાબહેન પારેખ અને પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા તથા શૈક્ષણિક સંકુલના તમામ વિભાગના વડા તથા વિદ્યાર્થી ભાઈ-બહેનો, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ તથા પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબે જહેમત ઉઠાવી હતી.

આ સાથે જ મહિલા કોલેજમાં કાર્યરત બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) ની વિદ્યાર્થીનીઓએ એક સુંદર Exhibition " Independence-Two Sides of a Coin" તૈયાર કરીને ખુલ્લું મુક્યું હતું. તેને કોલેજ પરિવાર તરફથી ખુબ સુંદર આવકાર સાંપડયો હતો.

## ૨) ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજમાં 'ટેલેન્ટ ડે' ની ઉમંગભેર ઉજવણી :-

ડૉ. વી.આર. મહિલા કોલેજમાં તા. ૦૩-૦૮-૨૦૧૩ ના રોજ, બી.એ., બી.કોમ. અને બી.એસ.સી. (હોમ સાયન્સ)ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થીનીઓમાં રહેલી વિવિધ પ્રકારની કલાઓને પ્રોત્સાહન અને મંચ પુરો પાડવાના હેતુથી 'ટેલેન્ટ ડે' નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કાર્યક્રમની શરૂઆતમાં મહિલા કોલેજની વિદ્યાર્થીની કુ. બિનીતા મહેતા દ્વારા સરસ્વતી સ્તુતિ રજુ કરવામાં આવી. ત્યાબાદ સંસ્કૃત વિષયની વિદ્યાર્થીની કુ. નયના રાઠોડએ સુંદર શ્લોકગાન કર્યુ. આ પછી તરત જ મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબ તથા કોલેજની સાંસ્કૃતિક સમિતિના સભ્યો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું. આ પછી ડૉ. નાગરસાહેબે પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં જણાવ્યું કે, '' ઈશ્વરે માનવીને ગીત, સંગીત, નૃત્ય, અભિનય, વકતૃત્વ, વગેરે જેવી સુંદર કલાઓ તો અર્પિત કરી છે અને તેની સાથોસાથ આ બધાની અભિવ્યકિતની કલાના આશીર્વાદ પણ આપ્યા છે. તેથી જ માનવજીવન આટલું સુમધુર છે. આપણી કોલેજમાં પણ વિદ્યાર્થીનીઓ પોતાની કલાની રજુઆત કરી શકે તે માટે તક અપાય છે. આજનો અવસર ઘણો સુંદર છે.''

આ પછી રજુ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સોલોડાન્સ, સોલો સોંગ ,સ્પીચ, માઇમ વિગેરે જેવા કાર્યક્રમો રજુ કરાયા હતા. જેમાં મહિલા કોલેજમાં પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતી દિશા, પ્રિયંકા, પલક, આરતી, અશ્વિની, પાયલ, અપેક્ષા, સંગીતા, નેહા, અંકિતા, હિના, નેહલ,

ઊર્મિલા તથા તેમની સખીઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમમાં 'માઇમ' (મોબાઇલ સાઇડ ઇફેક્ટ્સ) તથા 'સ્પીચ' (માનવીને ભગવાનનો પત્ર તથા જો મને ગાંધીજી મળે તો) આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. અંતમાં, સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી ડૉ. ઈલાબહેન થાનકી દ્વારા આભારવિધિ કરીને, રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.કોમ સેમે.-૧ માં અભ્યાસ કરતી કુ. અલ્કા છાંયા, કુ. મીરા પારેખ તથા કુ. પુજા જોષી દ્વારા સુંદરરીતે કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજની સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. ઈલાબહેન થાનકી, ડૉ. એમ.એન. વાઘેલા, ડૉ. ભાવનાબહેન કેશવાલા, પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા, શ્રી કલ્પનાબહેન જોષી, પ્રા. વર્ષાબહેન જોષી, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ તથા પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબે જહેમત ઉઠાવી હતી.




## ૩) ગોઢાણિયા મહિલા કોલેજની ઝળહળતી સિદ્ધિ- 'AAA' માં પોરબંદર જિલ્લામાં પ્રથમ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પાંચમો ક્રમ :-

શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ સાથે સંલગ્ન '૯૬' જેટલી ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોએ પોતાનું 'Academic & Administrative Audit-AAA' કરાવ્યું. જેમાં તા. ૧-૪-૨૦૧૩ના રોજ, 'AAA'ની ટીમ ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ માતે ઓડિટ માટે પધારી હતી. અને કોલેજનું શૈક્ષણિક અને વહીવટ માળખું ચકાસીને ઘણો આનંદ વ્યક્ત કર્યો હતો. સપ્ટેબર-૨૦૧૩ના બીજા સપ્તાહમાં આ ઓડિટના જાહેર થયેલા પરિણામ અનુસાર, ડો.વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજે કુલ ૧,૦૦૦માંથી ૮૯૫.૫૦ ગુણ એટલે કે,૮૯.૫૫ % મેળવીને સમગ્ર પોરબંદર જિલ્લામાં પ્રથમ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કક્ષાએ પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો છે.

મહિલા કોલેજને પ્રાપ્ત થયેલી આ ઝળકળતી સિદ્ધિ બદલ ડો. વિરમભાઇ ગોઢાણિયા તથા સમગ્ર ટ્રસ્ટીગણ, કોલેજમાં સતત કાર્યરત ટ્રસ્ટી શ્રી ભરતભાઇ વિસાણા, પ્રિન્સિપાલશ્રી. ડો.નાગરસાહેબ,વાઇસ પ્રિન્સિપાલશ્રી તથા 'AAA' ના કોલેજ કો-ઓર્ડિનેટરશ્રી કગથરા સાહેબ પ્રાધ્યાપક ગણ, વહીવટ કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓને ખુબ-ખુબ અભિનંદન પાઠવ્યાં છે.

## (૪) ડો. ગોઢાણિયા મહિલા કોલેજમાં શિક્ષકદિનની ઉજવણી

તા. ૦૫-૦૯-૨૦૧૩ના રોજ ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજમાં 'શિક્ષણ દિન'ની ઉજવણી કરવામાં અવી હતી. આ સમગ્ર સંચાલન મહિલા કોલેજમાં કાર્યરત 'એન.એસ.એસ. વિભાગ' દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઉજવણીમાં મહિલા કોલેજમાં B.A/B.COM (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) તથા B.Sc. (હોમસાયન્સ)ના સેમેસ્ટર ૧,૩,અને ૫ માં અભ્યાસ કરતી કુલ '૯૫' જેટલી વિદ્યાર્થીનીઓએ 'એક દિવસના શિક્ષિકા' તરીકેની ભૂમિકા ખુબ આનંદ અને ઉત્સાહ સાથે ભજવી હતી પોતપોતાના વર્ગમાં દરેક વિદ્યાર્થીનીએ સાચા અર્થમાં શિક્ષક બનીને અભ્યાસક્રમને આગળ વધાર્યો હતો. આ બધામાંથી 'શ્રેષ્ઠ' 'વિદ્યાર્થી-શિક્ષિકા' ઓને અલગ તારવવા માટે મહિલા કોલેજના પ્રાધ્યાપક ગણમાંથી '૧૦' પ્રાધ્યાપકોને નિર્ણાયકશ્રી તરીકેની ભૂમિકા સોંપવામાં આવી હતી અને આ દરેક નિર્ણાયકશ્રીઓએ કોલેજમાં કાર્યરત ત્રણેય વિદ્યાશાખાઓ (આર્ટ્સ, કોમર્સ તથા હોમસાયન્સ),ના ત્રણેય સેમેસ્ટર ૧/૩/૫માં તથા આર્ટ્સ વિદ્યાશાખા (ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર તથા માનસશાસ્ત્ર)માં જુદા જુદા વિષયો ભણાવવા માટે 'એક દિવસની શિક્ષિકા'બનેલ'૯૫' શિક્ષિકાઓમાંથી '૩૬'ને અલગ તારવીને તેમને પ્રથમ,દ્વિતિય અને તૃતિય એમ વિજેતા ક્રમાંક આવ્યા હતા. આ '૩૬'વિદ્યાર્થીનીઓને કોલેજના એન.એસ.એસ.



વિભાગ દ્વારા શિલ્ડ એનાયત કરી, સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત, મહિલા કોલેજની B.COM (ગુજરાતી માધ્યમ) સેમેસ્ટર-૫ની વિદ્યાર્થીનીઓ કુ. મિનલ રાઠોડ તથા કુ. પ્રાર્થના જાનીને 'બેસ્ટ એન્કરીંગ' કરવા બદલ પણ શિલ્ડ એનાયત કર્યા હતા.

'શિક્ષક દિન'ની ઉજવણીના કાર્યક્રમમાં મહિલા કોલેજના (૧) ડો.સુલભાબહેન દેવપુરકર, (૨) ડો. ગીતાબહેન ઉનડકટ, (૩)ડો. ઇલાબહેન થાનકી,(૪)ડૉ. કીર્તીબહેન જાની, (૭) ડૉ. કેતનભાઇ શાહ, (૬) પ્રા.દક્ષાબહેન ચોટાઇ,(૭)પ્રા.રણમલભાઇ મોઢવાડીયા,(૮)શ્રી.ઘીરૂભાઇ ધોકિયા, (૯)પ્રા. વિપુલભાઇ દાસાણી તથા (૧૦) પ્રા.જાનકીબહેન કોટેચાએ નિર્ણાયકશ્રી તરીકેની ભૂમિકા ભજવી હતી.

શિક્ષકદિનની ઉજવણીના દિવસે અંતભાગમાં યોજાયેલા કાર્યક્રમમાં ઉપરોક્ત તમામ 'શિક્ષક-વિદ્યાર્થીનીઓને' મહિલા કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા શિલ્ડ એનાયત કરાયા હતા. આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડો.નાગરસાહેબે તમામ શિક્ષિકા ઓને અભિનંદન પાઠવા હતા અને જણાવ્યુ હતું કે,'શિક્ષકો ક્યારેય સાધારણ હોતા નથી માનવ જીવનમાં ''ગુરૂ'નું આગવું સ્થાન હોય છે. જે દરેક વ્યક્તિના જીવનઘડતરમાં અગત્યનો ફાળો આપે છે. ભારતની ગુરૂ પરંપરામાં તેમણે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ્ ઉપરાંત ગુરૂવર દ્રોણાચાર્ય, મહર્ષિ સાંદિપની તથા શ્રી ચાણક્યને પણ યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. ઉપરાંત આ કાર્યક્રમમાં શ્રી ચેતનભાઇ દવે દ્વારા તૈયાર કરવાયેલી એક સુંદર નાટક રજુ કરવામાં આવ્યું કાર્યક્રમની આભારવિધિ ડૉ. વાઘેલા સાહેબે કરી તથા રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કોલેજની બી.કોમ. સેમેસ્ટર-૫ની વિદ્યાર્થીનીઓ કુ. મિનલ રાઠોડ તથા કુ.પ્રાર્થના જાનીએ કર્યુ હતું તથા કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ ડો.સંગીતાબહેન પારેખ તથા પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા ઉપરાંત, નિર્ણાયકશ્રીઓ, વિદ્યાર્થીનીઓ, વાઇસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબ તથા પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબએ જહેમત ઉઠાવી હતી.

**M.A. (શિક્ષકદિનની ઉજવણી) :-**

ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં કાર્યરત એમ.એ. (અંગ્રેજી વિભાગ) માં પણ તા. ૫-૯-૧૩ના રોજ 'શિક્ષક દિન'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષક બની અન્ય સહાધ્યાયીઓને ભણાવ્યા હતા. ત્યારબાદ ''શિક્ષણ અને શિક્ષક'' એ વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રથમ નંબરે બીજરાજ રાવલ અને કિરણ ગોસાઇ. બીજા નંબરે અફસાના બુખારી તથા ત્રીજા નંબરે પ્રિયા મોઢવાડિયા તથા પુષ્પા શીંગડીયા વિજેતા જાહેર થતા તેમને મોમેન્ટો તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબે ''આજનો શિક્ષક, આજનું શિક્ષણ'' એ વિષય પર પોતાના વિચારો રજુ કર્યા હતા તથા પ્રો. હિરક જોગીયાએ ''મૂલ્યનિષ્ઠ શિક્ષણ'' એ વિષય પર પોતાના વિચારો રજુ કરી સૌને આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યુ.

## (૫) ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં 'હિન્દી દિવસ'ની ઉજવણી કાર્યક્રમઃ-

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં તા.૧૪-૯-૨૦૧૩ના રોજ 'હિન્દી દિવસ'ની ઉજવણી કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન તરીકે State Bank of India (N.R.I. Branch) ના મેનેજર સંજયભાઇ મહેતા તથા State Bank of India ના (Bhojeswar Branch) ના મેનેજરશ્રી, શ્રીમતી માધુરીબહેન નથવાણી તથા પોરબંદર ખાતેની શ્રી, ગુરૂકુલ મહિલા કોલેજના પ્રાધ્યાપક ડૉ. હરીનબહેન મજીઠીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ઉજવણીની પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલશ્રી ડો.નાગરસાહેબએ પ્રાસંગિક ઉદ્‌બોધન દરમ્યાન ''રાષ્ટ્રભાષાના મહત્વ'' અંગે પોતાન વિચારો વ્યકત કર્યા હતા.તથા તમામ અતિથિઓનું પુષ્પ તથા પ્રતિકાત્મક ભેટ દ્વારા અભિવાદન કરવામાં આવ્યુ હતું અને તમામ અતિથિઓએ પણ રાષ્ટ્રભાષા અંગેના પોતાના વિચારો વ્યકત કર્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. વાઘેલાસાહેબે કર્યું હતું તથા આભાર દર્શન હિન્દી વિભાગના પ્રાધ્યાપિકા ડૉ. સંગીતાબહેન પારેખે કર્યું હતું તથા રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## (૬) 'C.C.D.C./UDISHA' અંતર્ગત થયેલા પ્રવૃતિઓ :-

(૧) તા-૮-૮-૧૩ના રોજ કોલેજની લાઇબ્રેરીમાં કારકીર્દિ માર્ગદર્શન તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી બને તેવા પુસ્તકો અને સામયિકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આશરે ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ આ પ્રદર્શનનો લાભ લીધો હતો.

(૨) તા.૧૬-૮-૧૩ થી તા.૧૮-૮-૧૩ ના દિવસો દરમ્યાન વિદ્યાર્થીનીઓના વ્યક્તિત્વ વિકાસ માટે ત્રિદિવસીય Student Development Program (S.D.P) નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રણેય દિવસો દરમ્યાન Workshop માં નીચેના ત્રણેય વિષયોને અનુલક્ષીને વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પુંરૂ પાડવામાં આવ્યું.

1) Management Communication
2) Interview techniques
3) Leadership

આ Workshopમાં તજજ્ઞ તરીકે બી.કોમ. (અંગ્રેજી માધ્યમ)ના વ્યાખ્યાતા પ્રા.ધવલભાઇ આરદેશણા તથા અંગ્રેજી વિભાગના વ્યાખ્યાતા પ્રા. મહેશભાઇ કિકાણીએ પોતાની સેવાઓ આપી હતી. આ Workshopમાં ૫૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

આ ત્રિદિવસીય કાર્યક્રમનાં સંચાલનમાં
પ્રથમ દિવસે કુ.પ્રાર્થના જાની તથા કુ.મિનલ રાઠોડ-બી.કોમ.(ગુજરાતી માધ્યમ) સેમેસ્ટર-૫
દ્વિતીય દિવસે - કુ. સોનાલી થાનકી અને કુ.હેમાલિ જોષી બી.કોમ.(ગુજરાતી માધ્યમ) સેમેસ્ટર-૩ અને,
તૃતીય દિવસે - કુ. જાનવી ગોસ્વામી અને કુ. જગતી દાવડા બી.કોમ. (ગુજરાતી માધ્યમ) સેમેસ્ટર-૧ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

Workshopના અંતિમ દિવસે મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબના વરદ હસ્તે કાર્યક્રમમાં જોડાનાર તમામ

વિદ્યાર્થીનીઓને સર્ટીફિકેટ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. C.C.D.C.\UDISHAના કન્વીનર શ્રી. કલ્પનાબહેન જોષીએ ત્રણેય દિવસના કાર્યક્રમની સમીક્ષા કરી હતી. તથા કાર્યક્રમનું આભાર દર્શન કર્યું હતું.

૩) તા.૨૦-૦૯-૨૦૧૩ રોજ, IFBI (Institute Of Finance Banking and Insurance) ની શાખાના સહયોગથી એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં IFBIના એક્ઝીક્યુટીવ માર્કેટીંગ ઓફિસર શ્રી વિપુલભાઇ સરધારા દ્વારા, બેંકિંગ અને ફાયનાન્સના ક્ષેત્રે રહેલી નોકરીની તકો અંગે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા કોલેજની B.A., B.Com., B.Sc. (Home Science) માં સેમેસ્ટર-૫માં અભ્યાસ કરતી આશરે ૧૩૮ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમનું સંચાલન કુ. સોનાલી થાનકી તથા કુ. હેમાલી જોષી (બી.કોમ. સેમેસ્ટર-૩)એ કર્યું હતુ. કાર્યક્રમની આભારવિધિ C.C.D.C./UDISHA ના કન્વીનર શ્રી. કલ્પનાબહેન જોષીએ કરી હતી.

## ૭) એન.એસ.એસ. અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :-

૧) તા.૧૧-૦૮-૨૦૧૩ના રોજ શ્રી નાનજીભાઇ કાલિદાસ મહેતા વ્યાપાર ઉદ્યોગ ભવન પોરબંદર (બિરલા હોલ) ખાતે યોજાયેલ 'વૃક્ષ વિતરણ કાર્યક્રમ'માં મહિલા કોલેજના પ્રોગ્રામ ઓફિસર શ્રી ડૉ. સંગીતાબહેન પારેખ તથા પ્રા.સુહાગિનીબહેન ગરાસિયાએ હાજર રહીને અંદાજે '૮૦' જેટલા વૃક્ષોના રોપાઓ મેળવ્યા હતા.

૨) તા.૧૪-૦૮-૨૦૧૩ના રોજ, સ્વાતંત્ર્યદિનની પૂર્વસંધ્યાએ કોલેજના હોસ્ટેલ વિભાગમાં ઉપરોક્ત રોપાઓનું આરોપણ કરીને,'વૃક્ષારોપણ કાર્યક્રમ' સંપન્ન કરવામાં આવ્યો.

૩) તા.૧૫-૮-૨૦૧૩ના રોજ, મહિલા કોલેજ ખાતે યોજાયેલ ધ્વજવંદન કાર્યક્રમ તથા ડૉ. વી.આર.ગોઢાણિયા શૈક્ષણિક સંકુલ દ્વારા રજુ કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન અને સંપાદન મહિલા કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવેલ હતું.

૪) તા.૧૭-૦૮-૨૦૧૩ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ તથા ગુજરાત સરકારશ્રી દ્વારા આયોજિત 'યુવા મતદાન જાગૃતિ કાર્યક્રમ' અંતર્ગત ચુંટણીલક્ષી જાગૃતિના અનુસંધાનમાં વિદ્યાર્થીનીઓ પાસે પોસ્ટર તથા જીંગલ (ગીત) તૈયાર કરવીને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે મોકલવામાં આવ્યા.

૫) તા.૧૮-૮-૨૦૧૩ના રોજ, 'પોરબંદર' ના ૧૦૨૪માં જન્મદિનની ઉજવણી નિમિતે ચોપાટી મેદાન, પોરબંદર ખાતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજનું પ્રતિનિધિત્વ કરતા બે કાર્યક્રમો 'ફ્યુઝન અને માઇમ' પ્રસ્તુત કરવામાં આવ્યા.

૬) તા.૨૨-૮-૨૦૧૩ના રોજ, 'પોરબંદર'ના ૧૦૨૪માં જન્મદિનની ઉજવણી નિમિતે નગરપાલિકા તથા રોટરી કલબ પોરબંદરના સંયુક્ત ઉપક્રમે 'ચોપાટી મેદાન-પોરબંદર' ખાતે ચાલી રહેલા કાર્યક્રમમાં છેલ્લા દિવસે જાહેર કરાયેલ પુરસ્કાર તથા શિલ્ડ વિતરણ કાર્યક્રમમાં ડૉ. વી.આર.ગોઢાણિયા મહિલા કોલેજના ઉપરોક્ત બંને કાર્યક્રમોમાં ભાગ લીધેલી વિદ્યાર્થીનીઓએ રૂ.૧,૧૦૦નો રોકડ પુરસ્કાર તથા શિલ્ડ પ્રાપ્ત કર્યા. આ રોકડ પુરસ્કાર આ કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીનીઓમાં (દરેકને રૂ.૫૦) સરખે હિસ્સે વહેંચી દેવામાં આવ્યો.

૭) તા.૫-૯-૨૦૧૩ના રોજ, 'મહિલા કોલેજ' ખાતે 'શિક્ષકદિન'ની ઉજવણી કરવામાં આવી આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પણ એન.એસ.એસ. વિભાગ દ્વારા કરાયું અને આ કાર્યક્રમમાં પણ કોલેજની કુલ '૩૮' વિદ્યાર્થીનીઓને શિલ્ડ એનાયત કરી, સન્માનિત કરવામાં આવી.

૮) તા.૨૨-૯-૨૦૧૩ના રોજ સવારે ૭ થી ૯ દરમિયાન 'Coast Guard Porbandar' દ્વારા ચોપાટી મેદાન પર આયોજિત 'International Coast Clean-up Day' ની ઉજવણી નિમિતે ચોપાટી મેદાનના સફાઇ કાર્યક્રમમાં ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજની એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓ પણ જોડાઈ હતી.

૯) તા.૨૨-૦૯-૨૦૧૩ના રોજ,સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન, એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓ 'બ્રહ્માકુમારી શાંતિદૂત યુવા સાઇકલ યાત્રા'માં જોડાઇ હતી.

## (૮)'સ્વામી વિવેકાનંદ કેન્દ્ર' અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :-

૧) તા.૫-૮-૨૦૧૩ના રોજ, નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિર્ણાયશ્રી તરીકે ડૉ. ગીતાબહેન ઉનડકટ તથા ડૉ.સુલભાબહેન દેવપુરકરે સેવાઓ આપી હતી. જેના વિજેતા આ પ્રમાણે છે : (૧) કુ.હેતલ કોટિયા-B.A.Sem-5 (૨) કુ.નગ્મા બ્લોચ,(૩) કુ.દિવ્યા મિવેલ અને (૪) કુ.હેતલ કમરીયા.

૨)તા.૯-૮-૨૦૧૩ના રોજ, 'પ્રુસ્તક પ્રદર્શન અને વેચાણ' કાર્યક્રમનું આયોનજન કરવામાં આવ્યું હતું.

## (૯) 'મૂલ્યનિષ્ઠ શિક્ષણ' અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :-

૧) તા.૧૦-૮-૨૦૧૩ના રોજ 'શ્રી રાજ વિદ્યા કેન્દ્ર-દિલ્હી'ના પોરબંદર ખાતેના કો-ઓર્ડિનેટર શ્રી મહારાજ દ્વારા વ્યાખ્યાન તથા 'શાંતિનો સંદેશ' વિષય પર તૈયાર કરાયેલ સીડી પ્રોજેક્ટરની મદદથી વિદ્યાર્થીનીઓને બતાવવામાં આવી.

૨)'ઇસ્કોન સંસ્થા' -વલ્લભ વિદ્યાનગર દ્વારા મહિલા કોલેજમાં ઇસ્કોન પરીક્ષા તા.૧૬-૮-૨૦૧૩ (શ્રીમદ્ ભગવતગીતા પર આધારીત)નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૬૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો આ પરીક્ષાનું સંચાલન 'મૂલ્યનિષ્ઠ શિક્ષણ'ના કન્વીનરશ્રી,ડૉ.ગીતાબહેન ઉનડકટ તથા પ્રા.દક્ષાબહેન ચોટાઇ દ્વારા કરવમાં આવ્યું.

૩) તા.૪-૯-૨૦૧૩ના રોજ બી.એ.(સંસ્કૃત) સેમેસ્ટર-૫ની વિદ્યાર્થીનીઓની સાથે 'પુસ્તક મહોત્સવ' શીર્ષક સાથે આયોજિત પુસ્તક

મેળાની મુલાકાત લેવામાં આવી

૪) તા.૧૪-૯-૨૦૧૩ના રોજ બી.એ. સેમેસ્ટર-૫ની વિદ્યાર્થીની કુ.નયના મકવાણા દ્વારા પ્રાર્થનાસભામાં સંસ્કૃતમાં સ્ત્રોતગાન કરવમાં આવ્યું.

## (૧૦) 'Youth Red Cross' અંતર્ગત કરાયેલ પ્રવૃતિઓ :-

૧) વિદ્યાર્થીનીઓને 'ચક્ષુદાન'ના સંદર્ભમાં વિવિધ પ્રકારની માહિતી અને માર્ગદર્શન પુંરુ પાડવામાં આવ્યું.

૨) Snake Show' નુ આયોજન કરવામાં આવ્યું. તેમાં વિદ્યાર્થીનીઓને જુદા જુદા પ્રકારના સાપ અંગેની માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં ડૉ.નીતીનભાઇ પોપટ,શ્રી. વજુભાઇ દાવડા, શ્રી હર્ષિલભાઇ ભટ્ટ, તથા શ્રી સાજણભાઇ ઓડેદરા નો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## (૧૧) 'Research Centre' અંતર્ગત થયેલ પ્રવૃતિ :-

તા.૨૫-૯-૨૦૧૩ ના રોજ 'મહિલા કોલેજ' માં કાર્યરત Research centre ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ની પ્રવૃતિઓનો પ્રારંભ કરવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત ડૉ. ભાવનાબહેન કેશવાલા દ્વારા 'ૐ'કારના નાદથી કરવામાં આવી. આ પછી તુરત ડૉ. ભાવનાબહેન કેશવાલાએ ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને કોલેજમાં કાર્યરત 'Research centre' સંબંધિત ઉપયોગી માહિતી પુરી પાડી અને ત્યાબાદ કોલેજના મનોવિજ્ઞાન વિભાગના પ્રાધ્યાપક શ્રી. દેવાયતભાઇ બાકુએ Research એટલે શું? Research કેવી રીતે કરી શકાય, તેના માટે વિષયપસંદગી, સંશોધનના હેતુંઓ, ઉપકલ્પના, સંશોધનની પદ્ધતિ, વિશ્લેષણ અને અહેવાલ લેખન સંબધિત ઉપયોગી માહિતિ પુરી પાડી હતી. ડૉ.ગીતાબહેન ઉનડકટ તથા પ્રા.સ્મિતાબહેન આચાર્યએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ કરેલ.

## (૧૨)'Women's Cell' અંતર્ગત પ્રવૃતિ :-

તા.૨૩-૮-૨૦૧૩ના રોજ 'મહિલા કોલેજ'માં કાર્યરત 'Women's Cell' અંતર્ગત એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'Women's Cell' ના કન્વીનરશ્રી ડૉ. ઇલાબહેન થાનકીએ ઉપસ્થિત વિદ્યાર્થીનીઓના 'Women's Cell' ના ઉદ્દેશો તથા ભારતમાં તેમની કામગીરી ક્યા પ્રકારની છે.? તે અંગેની માહિતિ P.P.T. દ્વારા પુરી પાડી હતી.

## (૧૩) 'લાઈબ્રેરી સમિતિ' અંતર્ગત થયેલ પ્રવૃતિ :-

૧) તા.૭-૮-૨૦૧૩ના રોજ 'કારકીર્દિ માર્ગદર્શન કેન્દ્ર' અંતર્ગત પુસ્તક પ્રદર્શન.
૨) તા.૨૪-૮-૨૦૧૩ના રોજ, અર્થશાસ્ત્ર વિષયના પુસ્તકોનું પ્રદર્શન.
૩) તા.૪-૯-૨૦૧૩ના રોજ, અંગ્રેજી વિષયના પુસ્તકોનું પ્રદર્શન.
૪) તા.૧૧-૯-૨૦૧૩ના રોજવિદ્યાર્થીનીઓ સાથે 'કલ્યાણ હોલ-પોરબંદર' ખાતે આયોજિત 'પુસ્તક મેળો'ની મુલાકાત.
૫) તા.૧૬-૯-૨૦૧૩ના રોજ હિન્દી વિષયનાં પુસ્તકોનું પ્રદર્શન.

## (૧૪)સપ્તધારા અંતર્ગત પ્રવૃતિઓ :-

### (૧)જ્ઞાનધારા :-

(૧) તા.૩-૮-૨૦૧૩ના રોજ 'શીઘ્ર નિબંધ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીનીઓને ૧) જાહેર ખબરોનો ઝંઝાવાટ, (૨) સૌર ઉર્જાનો ઉપયોગ અને પર્યાવરણ - એ વિષય પર નિબંધ લખવાનો અનુરોધ કરાયો. આ સ્પર્ધામાં કુલ '૧૮૧' વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેના વિજેતાઓ,

(૧)પ્રથમ- કુ.ભારતી ઓડેદ્દરા-B.Com Sem-5
(૨)દ્રિતિય- કુ.માલી ઓડેદ્દરા-B.Com Sem-3
કુ.તૃપ્તિ આગઠ-B.Com Sem-3
કુ.પ્રિયંકા બિલોસિયા-B.Com Sem-5
(૩)તૃતીય- કુ.હિનાબા જેઠવા-B.A. Sem-1
કુ.પુજાબેન મોઢા-B.A. Sem-5
કુ.જિજ્ઞાસા મોઢા-B.A. Sem-5
કુ.મનિષા કેશવાલા-B.Com Sem-5
કુ.મંજુલા આગઠ-B.Com Sem-5 જાહેર કરવામાં આવ્યા.

નિર્ણાયિકશ્રી તરીકે ડો.ગીતાબહેન ઉનડકટ તથા પ્રા.દક્ષાબહેન ચોટાઇ ભૂમિકા ભજવી હતી.

૨) તા.૧૦-૮-૨૦૧૩ના રોજ 'શ્રી રાજ વિદ્યા કેન્દ્ર-દિલ્હી'ના પોરબંદર ખાતે કો-ઓર્ડીનેટર શ્રી મહારાજ દ્વારા 'વિશ્વશાંતિ' વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું.

૩) તા.૧૪-૯-૨૦૧૩ના રોજ કવીઝ કોમ્પીટીશન (લેખિત)નું આયોજન કરવામાં આવ્યું.

૪)'શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા' તથા 'ડિબેટ સ્પર્ધા'નું આયોજન તા.૫-૧૦-૨૦૧૩ના રોજ કરવામાં આવ્યું. જેમાં શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા માટેના વિષયો હતા. (૧) જંક ફુડ સામે જંગ (૨) બેટી બચાવો (૩) વીજચોરી કરનાર પોતાનું જ પૈસાનું ખિસ્સું કાપે છે.

આ સ્પર્ધાના પ્રથમ વિજેતા કુ.વંદના પોપટ બી.કોમ.સેમ.-૩ અને દ્વિતીય વિજેતા કુ.હેતલ કોટીયા સેમ.-૫ જાહેર કરાયા હતા.

જયારે ડિબેટ સ્પર્ધાનો વિષય હતો 'ગૃહિણીઓને તેમના ગૃહકાર્ય બદલ આર્થિક વળતર મળવું જોઇએ કે કેમ?'

આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા જોડી કુ. વંદના પોપટ અને કુ. હેતલ કોટીયા તથા દ્વિતિય વિજેતા જોડી તરીકે, કુ.નગ્મા બ્લોચ તથા કુ.મિતલ કીરી જાહેર કરાયા હતા. બંને સ્પર્ધાઓમાં નિર્ણાયકત તરીકે ડૉ. ગીતાબહેન ઉનડકટ તથા ડૉ. રેખાબહેન મોઢા હતા.

### (૨) રંગકલા કૌશલ્યધારાઃ-

(૧) તા.૧૪-૮-૨૦૧૩ ના રોજ મેક્રમ (દોરીગાંઠ)ના નમુનાઓનું ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યું.
(૨) તા.૨૧-૮-૨૦૧૩ ના રોજ મેક્રમ તથા ઉનના ભરતગુંથણની તાલીમ પુરી પાડવામાં આવી.
(૩) તા. ૦૪-૦૯-૨૦૧૩ ના રોજ ટેડીબિયર બનાવવાની તાલીમ પુરી પાડવામાં આવી.
(૪) તા. ૧૮-૮-૨૦૧૩ ના રોજ 'મણિપુરી નૃત્ય'ના રાષ્ટ્રીય કક્ષાના નૃત્યાંગના શ્રી લીલાવતી દેવીના નૃત્યના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

### (૩) સામુદાયિક સેવાધારાઃ-

(૧) 'મહિલા સશકિતકરણ' વિષય પર 'મહિલા કોલેજના પ્રાધ્યાપક ડો.કીર્તિબહેન જાની દ્વારા વકતવ્ય રજુ કરવામાં આવ્યું.
(૨) 'વ્યકિત વિકાસ'ના અનુસંધાને 'આત્મવિશ્વાસ' કેળવવા અંગેના લેખોનું વાંચન કરવામાં આવ્યું.

### (૪) સર્જનાત્મક અભિવ્યકિતધારાઃ-

(૧) તા.૦૩-૦૯-૨૦૧૩ના રોજ ડૉ. કેતનભાઇ શાહ દ્વારા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું. જેમાં 'લોકશાહી-ભારતનું એક અમુલ્ય પર્વ' તથા'પર્યાવરણ અને વિદ્યાર્થીની નૈતિક જવાબદારી' વિષયો પર વિદ્યાર્થીનીઓને નિબંધ લખવા માટે પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવ્યું હતું.
(૨) તા.૧૦-૯-૨૦૧૩ ના રોજ Translation Competition નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતાઓ,
(૧) પ્રથમ-કુ. નેહા ગોહેલ B.Com. sem-5 તથા કુ. જયોતિ વાઢેર (B.A. sem-3)
(૨) દ્વિતિય-કુ.શકીના શાદીકોટ-B.Com. sem-5
(૩) તૃતીય કુ.ઇલા સોનરાજ-B.A. sem-3 જાહેર કરાયા હતા.
જેમાં નિર્ણાયકશ્રી તરીકે ડો.સંગીતાબહેન એ સેવા આપી હતી.
(૪) તા.૨૪-૯-૧૩ના રોજ, 'એક્યુપ્રેશર' વિષય પર ડૉ. પ્રકાશભાઈ રાયચુરાનાં Expert Lecture નું આયોજન કરવામાં આવ્યું.
જેમાં ડો. કેતનભાઈ શાહ અને પ્રા. વર્ષાબહેન જોષી દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું.

### (૫) ખેલકુદ યોગ વ્યાયામધારા :-

૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધાનું આયોજન વઢવાણ (સુરેન્દ્રનગર જિલ્લો) મુકામે કરવામાં આવેલું. જેમાં ડૉ.વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની ટીમ 'Quarter Final' સુધી પહોંચી શકી હતી. તથા કોલેજની B.A. sem-5 ની વિદ્યાર્થીની કુ. રેખા મોઢવાડીયા નેશનલ સ્પર્ધામાં રમવા માટે પસંદગી પામી હતી.
૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા 'આંતરકોલેજ હેન્ડબોલ' અને બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન જુનાગઢ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા કોલેજની ટીમએ ભાગ લીધો હતો.
૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા આંતર કોલેજ ખો-ખો સ્પર્ધાનું આયોજન જેતપુર મુકામે કરવામાં આવેલું. જેમાં કોલેજની ટીમ 'Semi Final' સુધી પહોંચી શકી હતી અને કોલેજની બે વિદ્યાર્થીનીઓ કુ. ભાવિષા મોઢવાડિયા અને કુ. રેખા ગોઢાણિયા નેશનલ લેવલ પર રમવા માટે પસંદગી પામી હતી.

### ૧૬) ગીત-સંગીત નૃત્યધારા :

૧) 'લોકસાહિત્ય તથા લોકગીત' વિષય પર પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા દ્વારા વકતવ્ય અપાયેલું
૨) જાણીતા લોકસાહિત્યકાર શ્રી ભકિતદાન ગઢવીને આમંત્રણ આપીને લોકગીતો તથા ભકિતગીતો રજુ કરવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો.

## ૧૫) અભ્યાસવર્તુળ અંતર્ગત થયેલ પવૃતિઓ :-

**૧) અંગ્રેજી અભ્યાસ વર્તુળ :-** તા. ૨૫-૯-૨૦૧૩ ના રોજ એક 'ડિબેટ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય હતો Know India એટલે કે, 'ભારતને ઓળખો'. તેમાં 'મહિલા કોલેજ' માં અંગ્રેજી (મુખ્ય વિષય) સાથે અભ્યાસ કરતી B.A. Sem-1/3/5 ની વિદ્યાર્થીનીઓએ 'ભારત એક આદર્શ રાષ્ટ્ર -હોવાની તરફેણમાં, વિરુદ્ધમાં અને તટસ્થ રહી દલીલો કરી હતી અને તેમાં B.A.Sem-5 નું Group "Mirror" વિજેતા જાહેર થયું હતું. જેમાં, કુ. ૧) ખુશાલી જોષી, ૨) કુ. બંસરી ગોરસિયા, ૩) કુ. ચાંદની જોષી, ૪) કુ. શીતલ જમરીયા, ૫) કુ. નિર્મલા ગાગલિયા અને ૬) નગ્મા બ્લોચ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ ડિબેટમાં શ્રેષ્ઠ સ્પર્ધક તરીકે કુ. ચેતના ઓડેદરાએ સ્થાન પ્રાપ્ત કર્યું હતું તથા કુ. દેવાંગી કોટિયાએ આશ્વાસન ઈનામ પ્રાપ્ત કર્યું હતું. નિર્ણાયકશ્રી તરીકે શ્રી કલ્પનાબહેન જોષી તથા પ્રા. નીતાબહેન બોરીસાગરે પોતાની અમૂલ્ય સેવાઓ પ્રદાન કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. બિનીતા મહેતા અને કુ. વર્ષા મઢવીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં પ્રા. મહેશભાઇ કિકાણીએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ડૉ. સુલભાબહેન દેવપુરકર તથા ડૉ. ભાવનાબહેન મશરૂએ હાજર રહી વિદ્યાર્થીનીઓને પ્રેરણા પુરી પાડી હતી.

૨) તા. ૫-૯-૨૦૧૩ ના રોજ કોલેજ ખાતે યોજાયેલ 'શિક્ષકદિન'ની ઉજવણીના કાર્યક્રમમાં અંગ્રેજી વિભાગની કુલ '૦૭' વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને તેમાં B.A.Sem-5 ની વિદ્યાર્થીનીઓ (૧) કુ. વિધિ રાય કુંડલિયા તથા (૨) કુ. શીતલ જમરીયા પ્રથમ અને દ્વિતીય વિજેતા જાહેર કરવામાં આવી હતી.

**(૨) હિન્દી અભ્યાસવર્તુળ :-**

૧) તા. ૧૪-૦૯-૨૦૧૩ ના રોજ મહિલા કોલેજ 'હિન્દી દિવસ' ની ઉજવણી કરવામાં આવી.
૨) તા. ૧૬-૦૯-૨૦૧૩ ના રોજ, હિન્દી વિષયના પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું.
૩) 'હિન્દી પખવાડા' કાર્યક્રમનું આયોજન શ્રી જવાહર નવોદય વિદ્યાલય-પોરબંદર ખાતે કરવામાં આવ્યું હતું. જેના સમારોહમાં તા. ૨૮-૯-૨૦૧૩ ના રોજ, હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. વાઘેલાસાહેબે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી.
૪) તા. ૦૫-૦૯-૨૦૧૩ ના રોજ, મહિલા કોલેજ ખાતે યોજાયેલ 'શિક્ષક દિન' ની ઉજવણીના કાર્યક્રમમાં હિન્દી વિભાગની કુલ '૦૭' વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને તેમાં B.A.Sem-5 ની વિદ્યાર્થીનીઓ ૧) કુ. બંસી ખોડા અને ૨) કુ. કિંજલ શીલુ ને અનુક્રમે પ્રથમ અને દ્વિતીય વિજેતા તરીકે જાહેર કરવામાં આવી હતી.

**(૩) સંસ્કૃત અભ્યાસ વર્તુળ :-**

(૧) તા. ૫-૮-૨૦૧૩ ના રોજ, 'સંસ્કૃતમાં નિબંધ લેખન' સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેના વિજેતાઓ,
૧) કુ. નયના મકવાણા B.A.Sem-5
૨) કુ. આરતી રાઠોડ B.A.Sem-5 અને
કુ. વર્ષા થાનકી B.A.Sem-3
૩) કુ. તૃષ્ણા પરમાર B.A.Sem-5 અને
કુ. આશા ટુકડીયા B.A.Sem-5 ને જાહેર કરવામાં આવ્યા.
નિર્ણાયકશ્રી તરીકેની ભુમિકા પ્રા. વર્ષાબહેન જોષીએ ભજવી હતી.

(૨) તા. ૨૩-૮-૨૦૧૩ ના રોજ, સંસ્કૃત દિનની ઉજવણીના ભાગરૂપે B.A. (મુખ્ય વિષય-સંસ્કૃત) Sem-5 ની વિદ્યાર્થીની કુ. નયના મકવાણાએ પ્રાર્થનાસભામાં 'દેવભાષા સંસ્કૃત' ઉપર સંસ્કૃત ભાષામાં વકતવ્ય આપેલ હતું.
(૩) તા. ૧૧-૯-૨૦૧૩ ના રોજ, સંસ્કૃત વિભાગની Sem-3 ની વિદ્યાર્થીનીઓને સાથ રાખીને પ્રા. વર્ષાબહેન જોષી દ્વારા 'શ્રી રામકૃષ્ણ મિશન-પોરબંદર શાખા' ની મુલાકાત લેવામાં આવી.
(૪) તા. ૧૯-૯-૨૦૧૩ ના રોજ, 'ગદ્ય અનુવાદ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિજેતા તરીકે,
૧) કુ. નયના મકવાણા B.A.Sem-5
૨) કુ. આરતી રાઠોડ B.A.Sem-5 અને
૩) કુ. શાંતિ મોઢવાડિયા B.A.Sem-5 ને જાહેર કરવામાં કરાયા.
આ સ્પર્ધામાં પણ નિર્ણાયકશ્રી તરીકેની ભૂમિકા પ્રા. વર્ષાબહેન જોષીએ ભજવી હતી.
(૫) તા. ૨૮-૯-૨૦૧૩ ના રોજ 'સંસ્કૃત ગ્રામર' (વાગ્વ્યવહાર) નો Short Term Course પૂર્ણ થતા તેની પરીક્ષાનું આયોજન કરાયું હતું. જેમાં
૧) કુ. વર્ષા થાનકી B.A.Sem-3
૨) કુ. પારુલ ચાવડા B.A.Sem-3 અને
૩) કુ. મંજુ ખુંટી B.A.Sem-1 વિદ્યાર્થીનીઓ પ્રથમ ત્રણ ક્રમે ઉતીર્ણ થઇ હતી.

(૬) તા. ૫-૯-૨૦૧૩ ના રોજ, 'શિક્ષક દિન' ની ઉજવણીના કાર્યક્રમમાં સંસ્કૃત વિભાગની કુલ '૦૭' વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને તેમાં B.A.Sem-5ની વિદ્યાર્થીનીઓ,
૧) કુ. કાજલ માલમ અને (૨) કુ. નયના મકવાણા વિજેતા જાહેર કરવામાં આવી હતી.

**(૪) ગુજરાતી અભ્યાસવર્તુળ :-**

૧) તા. ૧૩-૮-૧૩ ના રોજ શીઘ્ર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતાઓ,
૧) કુ. વર્ષા ગઢવી
૨) કુ. ધર્મિષ્ઠા મોકરીયા, કુ. જયશ્રી ડોડીયા અને કુ. ભગવતી કમરીયા
૩) કુ. શ્વેતા રાયઠઠા તથા કુ. પુજા મોઢા ને જાહેર કરવામાં આવ્યા. આ સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે ડૉ. કમલેશભાઈ ગોહેલએ ભૂમિકા ભજવી હતી.

૨) તા. ૧૩-૮-૨૦૧૩ ના 'સુલેખન સ્પર્ધા 'નું આયોજન કરાયું. જેમાં વિજેતાઓ,
૧) કુ. પુજા મોઢા

૨) કુ. પુજા મોઢવાડિયા અને કુ. મિતલ કીરી
૩) કુ. જયશ્રી ડોડીયા તથા કુ. યોગીતા પુરોહિતને જાહેર કરવામાં આવ્યા. આ સ્પર્ધામાં પ્રા. સુહાગિનીબહેન ગરાસિયાએ નિર્ણાયકશ્રી તરીકેની ભૂમિકા ભજવી હતી.

(૩) તા. ૫-૯-૧૩ ના રોજ 'શિક્ષક દિન' ઉજવણીમાં ગુજરાતી વિભાગની કુલ '૦૬' વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં B.A.Sem-5 ની વિદ્યાર્થીનીઓ ૧) કુ. મમતા મુલચંદાની અને ૨) કુ. ભગવતી કમરીયા વિજેતા જાહેર કરાયા હતા.

**(૫) અર્થશાસ્ત્ર અભ્યાસવર્તુળ :-**

૧) તા. ૦૪-૦૯-૨૦૧૩ ના રોજ શ્રી દેના બેંક પોરબંદરના મેનેજરશ્રી સુબ્રહ્મણ્યમ સાહેબ તથા શ્રી સચદેવ સાહેબ દ્વારા ' Education Loan for Students ' સંબંધિત એક વિદ્યાર્થી ઉપયોગી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ સ્નાતક થયા પછી ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોનની જરૂરિયાત હોય તો તે કેવી રીતે પુરી કરી શકાય તે અંગે વિગતવાર માહિતી પુરી પાડવામાં આવી હતી.
૨) તા. ૨૮-૯-૧૩ ના રોજ, B.A.Sem-5 ની વિદ્યાર્થીનીઓ દ્વારા કોલેજમાં કાર્યરત ' C.C.P.C. ' Centre ની મુલાકાત લેવામાં આવી. જેમાં શ્રી કપિલભાઇ લાખાણી તથા ડૉ. ભાવનાબહેન કેશવાલા દ્વારા 'સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી' અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

૩) તા. ૫-૯-૧૩ ના રોજ, 'શિક્ષક દિન' ની ઉજવણીના કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગની કુલ '૦૬' જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં B.A.Sem-5 ની (૧) કુ. સેજલ તેરૈયા અને (૨) કુ. રાજેશ્રી અગ્રાવત વિજેતા જાહેર કરાઇ હતી.

**(૬) સમાજશાસ્ત્ર અભ્યાસવર્તુળ :-**
૧) B.A.Sem-5 ની વિદ્યાર્થીનીઓ દ્વારા ઓગસ્ટ અને સપ્ટેબર-૨૦૧૩ દરમ્યાન વર્તમાનપત્રો તથા સામયિકોમાં પ્રગટ થયેલ વિષય સંબંધિત લેખોને સંપાદિત કરીને તેની ફાઈલ તૈયાર કરવામાં આવી.
૨) તા. ૧૫-૮-૨૦૧૩ ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના કાર્યક્રમમાં રજુ થયેલ નાટક 'ઓગસ્ટની આઝાદી' માં સમાજશાસ્ત્રની વિદ્યાર્થીની કુ. આગઠ શાંતિએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.
૩) તા. ૫-૯-૨૦૧૩ ના રોજ શિક્ષકદિનની ઉજવણી નિમિતે સમાજશાસ્ત્ર વિભાગની કુલ '૦૬' વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં B.A.Sem-5 ની વિદ્યાર્થીનીઓ ૧) કુ. શ્વેતા રાયઠઠા અને ૨) કુ. પુજા સિસોદીયા વિજેતા જાહેર કરવામાં આવી હતી.

**૭) મનોવિજ્ઞાન અભ્યાસવર્તુળ :-**
૧) તા. ૫-૯-૧૩ ના રોજ 'શિક્ષક દિન' ની ઉજવણીમાં 'મનોવિજ્ઞાન વિભાગ' ની '૦૨' વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**૮) કોમર્સ (ગુજરાતી માધ્યમ) અભ્યાસ વર્તુળ :-**
૧) તા. ૫-૯-૨૦૧૩ રોજ શિક્ષક દિનની ઉજવણીમાં કોમર્સ (ગુજરાતી માધ્યમ)ની કુલ '૧૯' વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં B.Com.Sem-5 ની વિદ્યાર્થીનીઓ ૧) કુ. શીતલ બામણીયા તથા કુ. ભાવિષા બામણીયા તથા ૨) કુ. મંજુ મોઢવાડિયાને વિજેતા જાહેર કરવામાં આવી હતી.

**૯) કોમર્સ (અંગ્રેજી માધ્યમ) અભ્યાસ વર્તુળ :-**
૧) તા. ૧૫-૮-૨૦૧૩ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના કાર્યક્રમમાં કોમર્સ (અંગ્રેજી માધ્યમ) દ્વારા ગ્રુપડાન્સ, સોલો ડાન્સ તથા 'જલિયાવાલા બાગ - સામુહિકકાંડ' (નૃત્યનાટિકા) રજુ કરવામાં આવી.
૨) એક Group Discussion નું આયોજન કરવામાં આવ્યું. જેનો વિષય હતો "Division of States"
આ કાર્યક્રમનું આયોજન મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ દ્વારા સપ્ટેબર-૨૦૧૩ દરમ્યાન કરવામાં આવ્યું હતું અને તેમા કોમર્સ વિદ્યાશાખા (અંગ્રેજી માધ્યમ) ના તમામ પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીનીઓએ સક્રિય ભાગ લીધો હતો.
૩) તા. ૫-૯-૨૦૧૩ ના રોજ શિક્ષક દિનની ઉજવણીના કાર્યક્રમમાં B.Com. (અંગ્રેજી માધ્યમ) ની કુલ '૨૧' વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને તેમાંથી B.Com. sem-5 ની વિદ્યાર્થીનીઓ, ૧) કુ. દિક્ષા લાખાણી અને ૨) કુ. માધુરી કારીયાને વિજેતા જાહેર કરવામાં આવી હતી.

**(૧૦) હોમસાયન્સ અભ્યાસ વર્તુળ :-**

૧) નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું. જેના વિષયો ૧) વસ્તીવૃદ્ધિ-એક સમસ્યા, (૨) સ્વચ્છતા અને સ્વાસ્થ્ય, (૩) હવા-પાણી-અવાજનું પ્રદુષણ, (૪) આહાર-પોષણનું મહત્વ - વગેરે રાખવામાં આવ્યા હતા. જેના વિજેતાઓ,
૧) કુ. ગીતા લખધીર B.A. sem-3 ની
૨) કુ. દીક્ષા લાખાણી B.Com.(E) sem-5 અને કુ. મનીષા કારીયા B.Com. sem-3

૩) કુ. નેહા મોતીવરસ B.Sc. sem-1 તથા કુ. હેતલ કોટીયા B.A. sem-5 ને જાહેર કરવામાં આવ્યા.
જેમાં નિર્ણાયકશ્રી તરીકે ડૉ. ચેતનાબહને બેચરા અને ડૉ. કેતનભાઇ શાહએ સેવાઓ આપી હતી.

૨) ટેલરીંગ એન્ડ કટીંગ કલાસીસ શ્રીમતી વનિતાબહેન ગજ્જર દ્વારા ચલાવવામાં આવ્યા. જેમાં ૧૪ વિદ્યાર્થીનીઓ સામેલ થઇ.
૩) Group Discussion -વિષય 'સમાજ પર ટી.વી. ની અસરો' પર ગોઠવવામાં આવ્યું. જેમાં
૧) કુ. રક્ષા વારા - B.Sc. sem-3
૨) કુ. હીના જોષી - B.Sc. sem-5
૨) કુ. જાગૃતિ શીંગરખીયા - B.Sc. sem-3
૩) કુ. મિરાલી મદલાણી - B.Sc. sem-5
૩) કુ. નિધિ ગિરનારી - B.Sc. sem-5 ને વિજેતા જાહેર કરાયા. જેમાં નિર્ણાયકશ્રી તરીકેની ભૂમિકા પ્રા.સ્મિતાબહેન આચાર્યએ ભજવી હતી.
(૪) તા. ૫-૯-૧૩ રોજ શિક્ષક દિનની ઉજવણીના કાર્યક્રમમાં હોમસાયન્સ વિદ્યાશાખામાંથી કુલ '૧૩' વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હોત. જેમાં B.Sc. (Home Science)sem-5 નીવિદ્યાર્થીનીઓ (૧) કુ. મિરાલી મદલાણી તથા ૨) કુ. રવિના પરમાર વિજેતા જાહેર કરાયા.

**૧૬) વર્ષગાંઠ અભિનંદન :-** પ્રસ્તુત અંકમાં ઓકટોબર-૨૦૧૩ તથા નવેમ્બર-૨૦૧૩માં જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમને સૌ પ્રથમ વખત અભિનંદન પાઠવતા 'જ્યોતિર્ગમય' ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

તો આ રહ્યા ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજ પરિવારના એ સભ્યો જેમની વર્ષગાંઠ ઓકટોબર-૨૦૧૩ તથા નવેમ્બર-૨૦૧૩માં આવી રહી છે.

**ઓકટોબર-૨૦૧૩**
૧) તા.૦૧-ઓકટોબર-ડો.કીર્તિબહેન જાની
૨) તા.૨૫-ઓકટોબર-ડો.ઇલાબહેન થાનકી
૩) તા.૨૮-ઓકટોબર-ડો.રેખાબહેન મોઢા
૪) તા.૧૭-ઓકટોબર-શ્રી ભારતીબહેન શીંગરખીયા
૫) તા.૨૪-ઓકટોબર-પ્રા.જાનકીબહેન કોટેચા
૬) તા.૨૪-ઓકટોબર-પ્રા.નીતાબહેન બોરીસાગર
૭) તા.૩૦-ઓકટોબર-પ્રા.મહેશભાઇ કિણી

**નવેમ્બર-૨૦૧૩**
૧) તા.૧૧-નવેમ્બર-ટ્રસ્ટી મા.મધુસુદનભાઇ મહેતા
૨) તા.૨૯-નવેમ્બર-પ્રા.સ્મિતા બહેન આચાર્ય
૩) તા.૨૯-નવેમ્બર-પ્રા.સંગીતાબહેન પારેખ
૪) તા.૧૭-નવેમ્બર-શ્રી જેશાભાઇ ઓડેદરા
૫) તા.૦૫-નવેમ્બર-શ્રી હિરકભાઇ જોગીયા
૬) તા.૦૮-નવેમ્બર-પ્રા.ધવલભાઇ આરદેશણા
૭) તા.૨૫-નવેમ્બર-પ્રા.વિપુલભાઇ દાસાણી
૮) તા.૦૭-નવેમ્બર-શ્રી દેવશીભાઇ ઝાલા

ઉપરોક્ત તમામ સભ્યોને તેમની વર્ષગાંઠ નિમિતે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ પરિવાર વતી ખુબ ખુબ અભિનંદન.

## (૧૭) Teachers' Corner :

હિન્દી વિભાગ (અધ્યક્ષ)
**ડૉ.એમ.એન.વાઘેલા**

**કાર્ય, અનુભવ અને સમાજ સેવા -શાળા અને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી છે. જિંદગીમાં એક સ્પષ્ટ ધ્યેયનું આગવું મહત્વ છે. એને કેન્દ્રમાં રાખીને તમે જીવન દેવતાની પ્રદક્ષિણા કરતા રહો અને તમારા ખમીર અને ખુમારીને ટકાવી રાખો. 'જ્યોતિર્ગમય' કોલેજ પરિવારનું મુખપત્ર છે. જેમનો પ્રકાશ સમગ્ર કોલેજ પરિવારના જીવનમાં સદાય ફેલાતો રહે તેવી હિન્દી વિભાગ દ્વારા અંતઃકરણની શુભકામના......**

હિન્દી વિભાગ
**ડૉ. સંગીતાબહેન પારેખ**

**વિચારશકિતનો સદઉપયોગ કરી શકાય, તેના માટે આપણે આપણા વિચારતંત્રનું ઉંડાણપૂર્વક નિરીક્ષણ કરવું જોઇએ અને એ જોવું જોઇએ કે કયાંક નિષ્પ્રયોજન નિરર્થક અસ્તવ્યસ્ત વિચારની આદત તો નથી પડી ગઇને?જો એવું હોય તો તેમના માટે સક્રિય પગલાં લેવા જઇએ.કોઇ નિષ્કર્ષ પર પહોંચવા માટે તર્ક, તથ્ય અને પ્રમાણોના પક્ષ વિપક્ષને સામે રાખીશું તો વર્તમાન સ્થિતિમાં સુધારો કરવાનું સંભવ બની શકે.**

ગુજરાતી વિભાગ
**પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા**

**દુનિયાના મોટામાં મોટા લોકશાહી દેશમાં સાંપ્રત વિચાર અને પડકાર પર નજર કરીએ તો મુકત અને નિષ્પક્ષ ચુંટણી પ્રથા, સ્વતંત્ર ન્યાય પધ્ધતિ, મધ્યમ વર્ગની મુશ્કેલીઓ અને શકિતશાળી મિડીયાના વિધાયક પરિબળ નજર પડે. આજનો યુવાવર્ગ આધુનિક ટેકનોલોજીથી એટલો આકર્ષાયેલો છે કે**
Cinema is my Temple
T.V./Mobile is my God
Internet is my Priest and
I am his/her devotee

## (૧૮) Student Corner :

### આજની યુવા પેઢી

આજની યુવા પેઢી આવી ગઈ છે ફેશનમાં,
આજની યુવા પેઢી આવી ગઈ છે વ્યસનમાં
પરિણામે પરિવાર આવ્યો છે ટેન્શનમાં
આજની યુવા પેઢી મંદિરની માંને ચડાવે છે ધુપ
ઘરની માં ને કરાવે છે ચુપ
આજની યુવા પેઢી મંદિરની માંને ચડાવે ચુંદડી
પણ ઘરનીમાને રડાવે છે.
આ તો કેવી સંસારની કરુણતા
આજની યુવા પેઢી ચાલી ગઈ છે ટી.વી.માં
આવી ગઈ છે. નેટ મોબાઈલમાં
માં ને જવાબ દેવાની પણ સમય નથી
આ છે આજની યુવા પેઢી
આજની યુવા પેઢીને લાગે છે કે
છીએ અમે કંઈક,
પશ્ચિમી સંસ્કૃતિનાં પ્રભાવમાં આવી ગઈ છે
આજની ૨૧મી સદીની યુવા પેઢી
આ છે. આજની યુવા પેઢી.

વર્ષા પી. થાનકી (બી.એ. સેમ-૩)

### वो भी कया दिन थे

भुल नहि शकते वो दिन, जब
मम्मीने कहा हंमेशा खुदार बनना ओर दुसरो की मदद करना

पापने कहां अपनी विनम्रता को हंमेशा बनाएरखना
मम्मीने अपने पैरो पर खडा रहना शिखाया
पापाने दुनिया का परिचय करवाया

आज दिल मे कुछ ख्वाहिशे है मंझिलो को छुने की
आज कुछ सपने हे की भविष्य मे कुछ कर दिखाना
लेकिन मम्मी-पापा की इस शिख को
हंमेशा याद रखना है ।
वो भी कया दिन थे
मम्मी की गोद ओर पापा के कंधे
ना पढाई की सोच ना लाइफ के फंडे
ना कल की चिंता ना फयुचर के सपने
अब कल की हे फिकर ओर अधुरे हे सपने
मुड कर देखा तो बहुत दुर हें अपने
मंझिलो को ढुंढते इन कहां खो गइ
ना जाने क्युं हम इतने बडे हो गए

-जयना ष. थानकी (बी.एसेम-३)

### આવી નવરાત્રી

આવી ઉત્સવોની ઉજવણી
આવી રાત્રીની રાણી
આવી નવરાત્રી આવી નવરાત્રી
આવી નોરતાની રાત્રી
આવી ખેલૈયાની રાત્રી
આવી નવરાત્રી આવી નવરાત્રી
આવી નવયુવાઓની રાત્રી
આવી રાસડાની રાત્રી
આવી નવરાત્રી આવી નવરાત્રી
આવી મહિષાસુર વધની રાત્રી
આવી માતાવિજયની રાત્રી
આવી નવરાત્રી આવી નવરાત્રી
આવી ભકતોની ભકિતી રાત્રી
આવી ઉજવણી રાત્રી
આવી નવરાત્રી આવી નવરાત્રી

Ankita B. Lodhari (S.Y.B.A. Sem-3)

### દિવાળી

આવી આવી દિવાળી આવી !
ખુશીયોં ભરી સોગાત લાવી !
રામજી આવ્યા વનમાંથી આયોધ્યા
મેં તો કર્યું પુષ્પથી સ્વાગત, આવી...
રંગબેરંગી રંગોળી બનાવી,
લાઈટ્સ ઘરમાં સજાવી, આવી...
રંગોળી દિવા સજાવ્યા !
લક્ષ્મીજી સંગ પુજા કરી,
વહેવારોની ઉજવણી સંગે ચોપડા પૂજન કર્યું ! આવી...
ભાઈ-બહેનો સાથે ફટાકડાં ફોડયા
નવા વર્ષની શરૂઆત કરાવી, આવી...
બધાં સાથે મળી સાલમુબારક કર્યા
ખુબ મજા માણી ! આવી....

કાજલ કે. મોઢા (બી.એ. સેમ-૩)

## (૧૯) પ્રિન્સિપાલશ્રી કલમે

**THE MIND OF WORK**

Future's vitality, mind's vivacity
Enraptured in toilsome produce
With the subconscious
The conscious is eternally managed,
In mind's speculum rests future's brilliance
That radiates only in grief !

A mere reflection of the apparent word
In judgment of man's perturbed world
Today-is the form of the faded era
That arrests man's mind from progress!
Therefore action supreme is,
It creates the passionate world,
Pure thoughts, reason, unreason,
Dedicate future to action!
First action, says Man's knowledge
And later mind and principles...

## ૨૦) તંત્રી સ્થાનેથી :-

સમગ્ર સંસારમાં શકિતનું અદ્રિતીય મહત્વ છે. તેવી કોઈને કોઈ રૂપે શકિતની ઉપાસના થતી હોય છે. વિજ્ઞાન તેને Energy, Power કાં તો, Nature વગેરે નામોથી સ્વીકારે છે. વ્યવહારમાં જુદા જુદાં પ્રકારે જે કાંઈ શકિત વપરાય છે તે બધી શકિત પરમેશ્વરની જ છે. ઉપભોગ કરતી વખતની શકિત ભવાની છે. પુરુષાર્થ માટે વપરાતી શકિત લક્ષ્મી તરીકે જાણીતી છે. કોપાયમાન થતી વખતે શકિત દુર્ગાશકિત છે અને પ્રલય વખતની શકિત કાલી ગણાય છે. શકિત ઉપાસનાથી લૌકિક વૈભવ ઉપરાંત જ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે. નવરાત્રીના દિવસોમાં જુદા જુદા સ્વરૂપે સ્થિત જગદંબાની પૂજા અર્ચના કરવાથી મનોવાંચ્છિત ફળ મળે છે. નવરાત્રી દેખાતી રીતે તો શકિત પૂજાનું મહાનપર્વ છે. દેવીમાંએ મહિષાસુરને મારી રાક્ષસો ઉપર વિજય મેળવ્યો આ એક વિજયોત્સવનું પર્વ છે. આ હાર્દ પણ સમજવા જેવું છે. માનવ જીવનનું લક્ષ્ય પોતાનો જીવભાવ કાઢી શિવભાવ પ્રાપ્ત કરવાનો છે તે માટે સહુ પ્રથમ પોતાના અંતઃકરણના દુર્ગણો, મનનું માલિન્ય તથા આસુરી ભાવો કાઢી તેની જગ્યાએ સદ્‌ગુણો તથા શુદ્ધ સાત્વિક ભાવ ભરી, નમોગુણનું નિરસન તથા સત્વગુણની અભિવૃદ્ધિ કરવાની છે. અને તે નિરસન તથા સત્વગુણની અભિવૃદ્ધિ કરવાની છે અને તે માટે દઢ નિર્ધાર અને અથાક પ્રયાસોની આવશ્યકતા છે.

ડૉ. રેખાબહેન મોઢા — પ્રો. રાકેશભાઈ કક્કડ
પ્રો. વર્ષાબહેન જોષી — શ્રી સુરેશભાઈ ગોરસિયા